અપીલ અરજી નં.૧૪૧ તા.૨૦ –૭–૧૦/૧૧

અરજદારઃ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલા
સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)
ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૧૮–૫–૧૦ ની અરજીથી (૧)રાંદેરરોડ પર આવેલ ઘર કે બંગલાની અંદર ચાલતી નર્સરી સ્કુલોમાં કેટલી સ્કુલ કે નર્સરી ધ્વારા ચલાવવાની પરમીશન લેવામાં આવે છે તેના નામ જણાવવા?.(૨) સહજ સુપર સ્ટોરની બહાર કે બાજુ બાજુ બનાવવામાં આવેલ સ્ટોલની પરમીશન લેવામાં આવી છ? ખાણીપીણીને લગતા દરેક લાયસન્સ લેવામાં આવ્યા છે? વિ. મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૪૧/૨૦૧૦–૧૧

શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલાની તા.૧૮–૫–૧૦ ની અરજીથી (૧)રાંદેરરોડ પર આવેલ ઘર કે બંગલાની અંદર ચાલતી નર્સરી સ્કુલોમાં કેટલી સ્કુલ કે નર્સરી ધ્વારા ચલાવવાની પરમીશન લેવામાં આવે છે તેના નામ જણાવવા?.(૨) સહજ સુપર સ્ટોરની બહાર કે બાજુ બાજુ બનાવવામાં આવેલ સ્ટોલની પરમીશન લેવામાં આવી છે? ખાણીપીણીને લગતા દરેક લાયસન્સ લેવામાં આવ્યા છે? વિ. મુદ્દા નં.૧ થી ૧૪ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્ન(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસના પત્ર નં.ટીડીઓ/૧૦૫૪ તા.૧૫–૬–૧૦ થી મુદ્દા નં.૨,૪,૬ ,૭,૧૧ અને ૧૪ થી આપેલ માહિતી તથા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.પશ્ચિમઝોન/૧૮૧ તા.૨૪–૬–૧૦ થી આપેલ માહિતી મુદ્દા નં.૮,૧૨,૧૩ અને ૧૪ ની માંગ્યા મુજબ માહિતી મળેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૫૩૦ તા.૨૭–૭–૧૦થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન , ડે.કમિશ્નર (પી એન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તથા અરજદારને મુદ્દા નં.૮,૧૨,૧૩ અને ૧૪ અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતો નિર્દિષ્ટ કરેલ ફી ભરપાઈ કરી, પૂરી પાડી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તથા તેમ કર્યા બાદ કોઈ માહિતી મળેલ છે કે કેમ? અને જો તે મળેલ હોય તો તે મળ્યા બાદ કઈ વિગતે નારાજગી છે? તે આધારસહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી પત્ર નં.ટી.ડી.ઓ./૧૯૦૨ તા.૨–૮–૧૦થી સાદર રજુ રીપોર્ટની નકલ, વેસ્ટઝોન રાંદેર તરફથી તબદીલ થયેલ પત્ર નં.૧૪૧ તા.૧–૬–૧૦ની નકલ, નમુના–ક ની અરજીની નકલ, નં.ટી.ડી.ઓ/૧૦૫૪ તા.૧૫–૬–૧૦ ની અરજદારને માહિતી પુરી પાડતા પત્રની નકલ, એકનોલેજમેન્ટના પહોંચની નકલ રજુ કરેલ. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ / ૨૬૫ તા.૧૧–૮–૧૦ થી નમુના–ક ની અરજીની નકલ, મ.જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ ને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈસેલ/ ૧૮૧ તા.૨૪–૬–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને મુદ્દા નં.૮ માટે તબદીલ કરેલ પત્રની નકલ, તથા અરજદાર તરફથી તા.૫–૮–૧૦ ના પત્રથી પુરક વિગતો પુરી પાડેલ છે.

અરજદારના તા.૧૮–૫–૧૦ની અરજીથી મુદ્દા નં.૧ રાંદેર રોડ ઉપર આવેલ ઘર કે બંગલાની અંદર ચાલતી નર્સરી સ્કુલોમાં કેટલી સ્કુલ નર્સરી ધ્વારા ચલાવવાની પરમીશન લેવામાં આવી છે? તેના નામ જણાવવા?. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી રાંદેર રોડ ઉપર આવેલ ઘર કે બંગલાની અંદર ચાલતી નર્સરી સ્કુલો અત્રેના ઉપરોકત રેકર્ડની ચકાસણી કરતા કોઈ પ્લાન મંજુર કરવામાં આવેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૨ સહજ સુપર સ્ટોરની બહાર કે આજુબાજુ બનાવવામાં આવેલ સ્ટોલની પરમીશન લેવામાં આવી છે? ખાણી પીણીને લગતા દરેક લાયસન્સ લેવામાં આવ્યા છે? જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી સહજ સુપર સ્ટોરની બહાર કે આજુબાજુ બનાવવામાં આવેલ સ્ટોલની પરમીશન અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આપેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૩ હનીપાર્ક રોડ ઉપર આવેલ ટેસ્ટી રેસ્ટોરન્ટની બાજુમાં છાપરાનું આઈસ્ક્રીમ પાર્લર એન્ડ જયુસ પાર્લર બનાવવા માટે પરમીશન લેવામાં આવીછે? જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી હનીપાર્ક રોડ ઉપર આવેલ ટેસ્ટી રેસ્ટોરન્ટની બાજુમાં છાપરાનું આઈસ્ક્રીમ પાર્લર એન્ડ જયુસ પાર્લર બનાવવા માટે પરમીશન અત્રેના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા લીધી હોવાનું જણાતુ નથી. મુદ્દા નં. ૪ હનીપાર્ક મેઈન રોડ ઉપર ટી.પી.૧૩, એફ.પી.૧૬, ઓ.પી.નં.૧૫/બી બનાવવામાં આવી રહેલુ વાસ્તુ એપાર્ટમેન્ટ કેટલા ફલેટ અને દુકાન બનાવવાની પરમીશન આપવામાં આવી છે? જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી હનીપાર્ક મેઈન રોડ ઉપર ટી.પી.૧૩, એફ.પી.૧૬, ઓ.પી.નં.૧૫/બી નાં પ્લાન મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાંથી પ્લાનની મંજૂરી આપવામાં આવેલ છે. જે મુજબ ભોંયતળીયે ૦૬ દુકાન તેમજ પ્રથમ માળથી પાંચ માળ સુધીની પ્લાનની મંજુરી ટી.ડી.ઓ./ડી.પી./નં.૨૯૬ તા.૨૮–૧૦–૨૦૧૦ થી આપવામાં આવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ટી.પી.૧૩ (અડાજણ), એફ.પી.૧૬, માં અત્રેથી તા.૨૮–૧–૧૦ નાં રોજ મંજુર થયેલ પ્લાનમાં આપે માંગેલ વિગતો ઉપલબ્ધ હોઈ, જેની નકલ મેળવવા માટે દિન–૭ માં અત્રેની કચેરીમાં ₹ ૪૦૦/– જમા કરાવ્યેથી મળી શકશે. જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી મંજુરીની

તા.૨૮–૧૦–૧૦ દર્શાવેલ છે જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી આપેલ જવાબમાં મંજુરીની તા.૨૮–૧–૧૦ દર્શાવેલ છે પરંતુ સાથે તેઓ કક્ષાએથી ઉપલબ્ધ દફતર નિયત ફી ભરી મેળવી લેવા પણ જણાવેલ છે. મુદ્દા નં.૫ હનીપાર્ક મેઈન રોડ ઉપર આવેલ દોરાબદારૂ મસાલાની દુકાન પરમીશનથી (પ્લાન પાસ કરાવી) બનાવવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી હનીપાર્ક મેઈન રોડ ઉપર આવેલ દોરાબદારૂ મસાલાની દુકાન પરમીશન અત્રેનાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા આપેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૬ સ્ટે ફીટ નામની ફીટનેસ કલબ લેન્ડમાર્ક હોટલની ઉપર સ્પ્રીંગ કોમ્પલેક્ષ માં આવેલ છે તે કાયદેસર પ્લાન પાસ મુજબ બાંધવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી સીલ્વર સ્પ્રિંગ કોમ્પલેક્ષ ટી.પી.સ્કીમ નં.૧૨ (અડાજણ) ફા. પ્લોટ નં.૬૬ માં સ્કીપ ફલોર લેવલે આવેલ સ્ટેફીટ ફીટનેશ કલબ વાળુ બાંધકામ ગૃડા હેઠળ રેગ્યુલરાઈઝડ થયેલ છે. તેને લાગુ પશ્ચિમે ટેરેસવાળા ભાગમાં આવેલ ટેમ્પરરી સ્ટ્રકચર બાબતે મંજુરી મેળવવામાં આવેલ નથી. મુદ્દા નં.૭ ભુલકાભવન સ્કુલની બાજુમાં વેસ્ટન પ્લાઝા કોમ્પલેક્ષમાં આવેલ પાર્કીગની જગ્યામાં વર્કશોપ ચાલે છે. તે પ્લાન મુજબ ત્યાં પાર્કીગ છે કે કોર્મશીયલ તરીકે પાસ થયેલ છે તે જણાવવુ. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી સદર મિલ્કતમાં બેઝમેન્ટમાં પશ્ચિમ તરફનો ભાગ ગૃડા એકટ હેઠળ કોર્મશીયલ ઉપયોગ માટે રેગ્યુલરાઈઝડ થયેલ છે. મુદ્દા નં.૮ આર.સી. ગામીત રસીકભાઈ ટેલર અને આર.પી. પટેલ આ ત્રણેય વ્યકિતના હોદ્દા અને એમના ધ્વારા જાહેર કરેલ મિલ્કત અને ધરમાં અન્ય કોઈ વ્યકિત કમાતી દર્શાવી હોય તો તે દરેક બાબત અંગે જણાવવુ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ તરફથી માંગેલી માહિતી અને દસ્તાવેજો માટે ₹ ૪/– જમા કરાવવા પત્ર નં.૮૮૮ તા.૧ ૫–૬–૧૦ થી જણાવેલ તથા પત્ર નં.૧૬૩૦ તા.૭–૮–૧૦ થી અરજદારને રેકર્ડ ઉપર ઉપલબ્ધ શ્રી આર.વી.ગામીત (કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન) એ રજુ કરેલ મિલ્કત સંદર્ભે ફોંમની નકલ આપેલ છે. જયારે મિલ્કત સંબંધી અન્ય સ્ત્રોતની માહિતી આપેલ નથી. અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તથા પુરક માહિતીમાં તેમને મળતી સેલરી તેમને કે તેમના ધ્વારા જાહેર કરેલ મિલ્કત કે અન્ય કોઈ વ્યકિતની આવક ના સ્ત્રોત વિગેરે માહિતી મળી નથી. એમ જણાવે છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨–(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરની માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. અને તે મુદ્દા નં.૮ માં આપ્યાનું જણાય છે તેથી અરજદારની તે મુદ્દા ની તકરાર ટકી શકે તેમ નથી. મુદ્દા નં.૯ વર્ષ–૨૦૦૯ દરમ્યાન આપવામાં આવેલ દરેક નોટીસની કોપી (જનકલ્યાણ સોસાયટીમાં આપવામાં આવેલ નોટીસ સિવાય) આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી કોઈ પ્રત્યુત્તર આપવામાં આવેલ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૧૦ મોરાભાગળ સુભાષ ગાર્ડનની પાછળ આવેલ બી.આર.પાર્ક સોસાયટીને કેટલા બંગલા બાંધવાની પરમીશન આપવામાં આવેલ છે.(ડોકટર પાર્ક સોસાયટીવાળા રોડ ઉપર) અને કેટલા માળ બાંધવાની પરમીશન આપવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી મોરાભાગળ સુભાષ ગાર્ડનની પાછળ આવેલ બી.આર.પાર્ક સોસાયટીમાં ગ્રાઉન્ડ + પ્રથમ માળના કુલ ૧૬૮ રો હાઉસના બાંધકામ માટેની પરવાનગી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૧૧ મોરાભાગળ ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટની સામે શ્રુગાસ સદન દુકાનની બાજુમાં નવુ એપાર્ટમેન્ટ બનાવવામાં આવી રહયુ છે જેને કેટલી દુકાન અને કેટલા ફલેટ પાસ કરવામાં આવેલા છે. જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી ટી.પી.સ્કીમ ૩૦ (રાંદેર) ફા.પ્લોટ નં.૮ માં અત્રેથી તા.૨૮–૧–૧૦ ના રોજ મંજુર થયેલ છે. જેમાં અરજદારે માંગેલ વિગતો ઉપલબ્ધ હોઈ જેની નકલ મેળવવા ₹૩૦૦/– દિન–૭(સાત) માં જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ જે માહિતી અરજદારે જાહેર માહિતી અધિકારીના નોંધ રીપોર્ટમાં જણાવ્યા મુજબ રસીદ નં.૧૨૮૨૩૯ તા.૨૦–૭–૧૦ થી નકલ ફી ₹૩૦૦/– ભરી માહિતી મેળવી લીધેલ છે. મુદ્દા નં.૧૨ મોરાભાગળ ખાંડાકુવા પાસે ડો.અજય પટેલની હોસ્પીટલની લાઈનમાં આવેલ SBI બેંક વાળી મિલ્કત કેટલા માળ બાંધવાની પરમીશન આપવામાં આવેલ છે કોર્મશીયલ કે રેસીડેંશીયલ મુજબ પ્લાન પાસ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી મોરાભાગળ ખાંડાકુવા પાસે ડો.અજય પટેલની હોસ્પીટલની લાઈનમાં આવેલ SBI બેંક વાળી મિલ્કત બાબતે વિગતવાર ટી.પી.સ્કીમ, ફાયનલ પ્લોટ નંબર સહિતની વિગત જણાવયેથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે. તેવુ જણાવેલ અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તથા પુરક વિગતમાં મિલ્કત ના સંદર્ભે પ્રાઈવેટ કે કોર્મશીયલ કે રેસીડન્ટ જેવી સ્પષ્ટતા મળી નથી. તેવુ જણાવેલ છે. જે બાબતે અરજદાર મિલ્કતોની સ્પષ્ટ વિગતો પુરી પાડી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૧૩ હનીપાર્ક રોડ ઉપર આવેલ સરસ્વતી સ્કુલ પાસે મુકતાનંદ નગરની સામે અન્નપુર્ણા કોમ્પલેક્ષ નવુ બનાવવામાં આવેલ છે. જેમાં કેટલા માળ બાંધવાની (ફલેટ) પરમીશન આપવામાં આવેલ છે અને કેટલી દુકાન બાંધવાની પરમીશન આપવામાં આવે છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી હનીપાર્ક રોડ ઉપર આવેલ સરસ્વતી સ્કુલ પાસે મુકતાનંદ નગરની સામે અન્નપુર્ણા કોમ્પલેક્ષ નાં નામની મિલ્કત બાબતે વિગતવાર ટી.પી.સ્કીમ, ફાયનલ પ્લોટ સહિતની વિગત જણાવ્યેથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે. તેવું જણાવેલ છે. અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તથા પુરક વિગતમાં એડ્રેસવાળી મિલ્કતની સ્પષ્ટ માહિતી આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. જે બાબતે અરજદાર મિલ્કતોની સ્પષ્ટ વિગતો પુરી પાડી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૧૪ સાંઈ સ્કવેરની બાજુમાં ૬ સ્કવેર બીઝનેસ કોમ્પ્લેક્ષ બાંધવામાં આવી રહયુ છે જેમાં ગ્રાઉન્ડ પ્લસ કેટલા માળ બાંધવાની પરમીશન આપવામાં આવી છે. (ટોટલ શોરૂમ અને ઓફિસ કેટલી તે જણાવવી) જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન તરફથી સાંઈ સ્કવેરની બાજુમાં ૬ સ્કવેર બીઝનેસ કોમ્પ્લેક્ષ બાબતે વિગતવાર ટી.પી.સ્કીમ, ફાયનલ પ્લોટ સહિતની વિગત જણાવ્યેથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે.તેવુ જણાવેલ અરજદારે અપીલમાં માંગ્યા મુજબની માહિતી આપેલ નથી તે બાબતે અરજદારે મિલ્કતોની સ્પષ્ટવિગતો દર્શાવ્યેથી માહિતી આપી શકાશે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદાર મિલ્કતોની સ્પષ્ટ વિગતો પુરી પાડી માહિતી મેળવી શકે છે. જયારે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી આ અંગે ટી.પી. સ્કીમ ૧૬ અડાજણ ફા.પ્લોટ નં.૧૮ માં અત્રેથી તા.૧૨–૪–૧૦ ના રોજ મંજુર થયેલ પ્લાનમાં માંગેલ વિગતો ઉપલબ્ધ હોય ₹૫૦૦/– નકલ ફી ભરપાઈ કર્યેથી દિન–૭માં મળી શકશે તેવી માહિતી આપેલ.જયારે અરજદારે મુદ્દા નં.૮,૯,૧૨,૧૩,૧૪ માં માંગ્યા મુજબ જવાબ નથી મળ્યો એમ જણાવી અપીલ કરેલ છે. વધુમાં અરજદારને પત્ર ધ્વારા અરજીના મુદ્દા નં.૮,૯,૧૨,૧૩,૧૪ જાહેર માહિતી

અધિકારીએ જણાવેલ વિગતો નિર્દિષ્ટ કરેલ ફી ભરપાઈ કરી પૂરી પાડી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તથા તેમ કર્યા બાદ કોઈ માહિતી મળેલ છે કે કેમ? તે અંગે પુરક વિગતમાં સ્પષ્ટતા કરેલ જણાતી નથી.

મુદ્દા નં.૧૨ અને ૧૩ અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કચેરીના નગર રચના નકશા અને આનુષાંગિક દફતર આધારિત રેકર્ડ આધારિત સદર માહિતીની ઉપલબ્ધતાની ચકાસણી કરી તે સર્વે નંબર અંગે અરજદારને પૃચ્છા કરાવી માહિતી આપવાની તૈયારી દર્શાવી શકાઈ હોત. અરજદાર પક્ષે તેવુ દફતર પરથી સર્વે નંબર મેળવી આપી શકયા હોત પરંતુ બન્ને પૈકી કોઈએ તેમ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૫–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૮માં નિર્દિષ્ટ કર્મચારીની પગારની માહિતી તથા મુદ્દા નં. ૯ ની નહીં પુરી પડાયેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન )ને જણાવવામાં આવે છે. જયારે અરજદાર મુદ્દા નં.૧૨,૧૩ અંગે મિલ્કતોની સ્પષ્ટ વિગતો દર્શાવી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે જયારે મુદ્દા નં.૧૪ અંગે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ કક્ષાએથી માહિતી આપવા તૈયારી દર્શાવેલ હોઈ અરજદાર નિયત ફી ભરી મેળવી લેવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૧૦.

ડે.કમિશ્નર(સ્પે.),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) / ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ધીવાલા ,